# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RAJYAPAL AMDAVAD PROG

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પત્રકારત્વને ભારતને ગતિમાન રાખનારું મુખ્યસ્તંભ ગણાવ્યું. ગાંધીનગરમાં ટાઉનહૉલ ખાતે એક અખબારના વિશેષ કાર્યક્રમને સંબોધતા રાજ્યપાલશ્રીએ લોકોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પર ભાર આપ્યો. તેમણે કહ્યું, રાજ્યમાં આઠ લાખ 50 હજારથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. રાજ્યપાલશ્રીએ વૈજ્ઞાનિક અને પર્યાવરણીય સમસ્યાઓ સામે પ્રાકૃતિક ખેતીને એકમાત્ર રામબાણ ઈલાજ પણ ગણાવી.

આગામી સમયમાં ગ્રાહકોને શુદ્ધ આહાર મળે તે માટે દરેક તાલુકામથકે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો માટેના વિશેષ બજાર શરૂ કરાશે તેમ પણ રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું.

# STATE RAIN OVERALL

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યના કેટલાક જિલ્લામાં આજે કમોસમી વરસાદ થયાના અહેવાલ છે. મહીસાગરમાં પણ વાદળછાયા વાતાવરણ વચ્ચે વહેલી સવારે વરસાદી માહોલ જોવા મળ્યો.

(VOICECAST: KAUSHIK JOSHI)

તો, અરવલ્લી જિલ્લામાં વહેલી સવારે વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો. માલપુર સહિતના તાલુકામાં વરસાદ થતા અસહ્ય ગરમીમાંથી લોકોને રાહત મળી હતી. બીજી તરફ, શામળાજી પંથકમાં હળવું ઝાપટું થતાં ઉનાળું વાવેતર કરનારા ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે.

દરમિયાન દેવભૂમિદ્વારકામાં દરિયામાં આજે કરન્ટ જોવા મળતાં દરિયો તોફાની બન્યો હતો. તેમજ દરમિયાન આઠથી 10 ફૂટ જેટલા ઉંચા મોજાં ઉછળતાં ગોમતી ઘાટ સહિતના દરિયાકાંઠા વિસ્તારોમાં આકર્ષક અને રોમાંચક દ્રશ્ય જોવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચ્યા હતા. બીજી તરફ, તંત્ર દ્વારા લોકોને દરિયાકિનારે સાવચેતી રાખવા અને જોખમી વિસ્તારોમાં ન જવા અપીલ કરવામાં આવી છે.

ડાંગમાં પણ વાતાવરણમાં પલટો આવતા ગરમીમાંથી આંશિક રાહત મળી છે. ગિરિમથક સાપુતારાનું રમણીય વાતાવરણને જોવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવી રહ્યા છે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશવિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 134મી કડી હશે. હિન્દીમાં "મન કી બાત"ના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન **AIR** મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. તેમજ આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય - **PMO** તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલ પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# AMRELI GIR FOREST LION

ગીરમાં સિંહોના શંકાસ્પદ મૃત્યુ બાદ વનવિભાગ ફરી એક વાર સક્રિય થયું છે. રાજ્યનાં વરિષ્ઠ વન અધિકારી અને પ્રધાન મુખ્ય વનસંરક્ષક – PCCF ભવાની પતી ગત ત્રણ દિવસથી ગીરમાં જ કેમ્પ તેમજ પરિસ્થિતિનું સીધું સ્થળ પર નિરીક્ષણ કરી રહ્યાં છે. તેમણે અમરેલીના રાજુલા તાલુકાના પીપાવાવ અને ભેરાઈવીડી વિસ્તાર સુધી રાત્રે અને વહેલી સવારે સ્થળ મુલાકાત કરી.

આ સાથે જ તમામ રેન્જમાં વન કર્મચારીઓ, ટ્રેકર્સ અને પશુ સંભાળ ટુકડીઓ હાઈઅલર્ટ પર છે. એટલું જ નહીં, સિંહની દરેક ગતિવિધિ, ખોરાક, વર્તન અને તેમના આરોગ્ય પર પણ સતત નજર રખાઈ રહી છે.

# NAVSARI CRUDE OIL

નવસારીમાં ચીખલી નજીક ટેન્કરમાંથી ક્રુડ ઑઈલ ચોરી કરનારા પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી. તેમની પાસેથી 86 લાખ રૂપિયાથી વધુનો સામાન કબજે કરાયો છે. તેમજ બે આરોપીને ફરાર જાહેર કરાયા હોવાનું જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક હરિષ ચંદુએ જણાવ્યું.

(BYTE: HARISH CHANDHU, DySP)

# BORAD SALANGPURDHAM

બોટાદના સુપ્રસિદ્ધ સાળંગપુર-ધામમાં પુરુષોત્તમ માસ નિમિત્તે કષ્ટભંજનદેવ દાદાની મૂર્તિને નાળિયેરનો દિવ્ય શણગાર કરાયો. તેમજ હનુમાન દાદાને 108 કિલો સુખડીનો અન્નકૂટ પણ ધરાવાયો છે. મંદિર પટાંગણમાં પારિવારિક શાંતિ અર્થે આગામી 15 જૂને એક મહિના સુધી વિશિષ્ટ હનુમાન ચાલીસા યજ્ઞ કરાશે.

# VERAVAL RAJKOT TRAIN

વેરાવળ–રાજકોટ લોકલ ટ્રેનમાં આગામી બે જૂનથી તાત્કાલિક ધોરણે બે વધારાની જનરલ કોચ લગાવાશે. યાત્રીઓની સુવિધા તથા મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ વેરાવળ-રાજકોટ અને રાજકોટ-વેરાવળ લોકલ ટ્રેનોમાં ધોરણે વધારાના જનરલ કોચ લગાવવાનો નિર્ણય કર્યો હોવાનું ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલકુમાર ત્રિપાઠીએ જણાવ્યું.